

મહાયજ્ઞમાં શ્રી ઠાકોરજીમહારાજ, ગુણાતીત સ્વરૂપો તથા દેવતાઓ



શ્રી છપૈયાતીર્થ મહાયજ્ઞવેદીમાં આહુતિ અર્પણ કરતાં યજમાન અક્ષરમુક્તો



શ્રી મહેળાવતીર્થ મહાયજ્ઞવેદીમાં આહુતિ અર્પણ કરતાં યજમાન અક્ષરમુક્તો



શ્રી ધારીતીર્થ મહાયજ્ઞવેદીમાં આહુતિ અર્પણ કરતાં યજમાન અક્ષરમુક્તો

# શ્રી મુક્તાક્ષરપુરુષોત્તમમહારાજ શ્રી મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા મહાયજ્ઞ

**અમદાવાદ** બોડકદેવ સ્થિત ઉપાસના ધામમાં અનુપમ સંતનિવાસના મંદિરના મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન સાકાર થયું. દેશ-પરદેશથી ભક્ત મહેરામણ ઉમટ્યું ! નજીકમાં જ આવેલા અમદાવાદ ઍજ્યુકેશન સોસાયટીના ગ્રાઉન્ડમાં મહોત્સવ તીર્થ 'સહજાનંદ ધામ' ઊભું કરાયું હતું જેની શોભા અનુપમ હતી ! ઊછળતા ફુવારાઓથી શોભતું પ્રવેશદ્વાર, વિશાળ સભાખંડ 'પરામૃતમ્', સુવ્યવસ્થિત અને સુસજ્જ ભવ્ય ભોજનમંડપ, સુશોભિત નયનરમ્ય પ્રદર્શની 'યોગીનવનીત વાટિકા' તેમજ રંગબેરંગી રોશનીથી સજ્જ મહોત્સવ સ્થળ સૌનું ધ્યાન આકર્ષિત કરતાં હતાં.

નૂતન મંદિરે જે મૂર્તિઓ પ્રતિષ્ઠિત થવાની હતી તે જ મૂર્તિઓની પાવન સંનિધિમાં ૩૧ જાન્યુઆરીએ સવારે પ્રધાન આચાર્ય સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાના આચાર્યપદે પંચકુંડી મહાયજ્ઞનું આયોજન થયું, જેમાં ૩૫૦થી પણ વધુ યુગલ યજમાનોએ ભાગ લઈ ભક્તિ વહાવી. એકસરખાં વસ્ત્રો પરિધાન કરીને પાવન શ્રદ્ધાથી પૂજા કરવા બિરાજમાન થયેલા યજમાનોનાં દર્શનની શોભા અદ્‌ભુત હતી ! અહોરાત્ર સેવાઓ કરીને પૂ. રાજુભાઈ, પૂ. સંદીપભાઈ અને સેવકોની ટીમે સમગ્ર સભાખંડને યજ્ઞશાળામાં પરિવર્તિત કરી દીધો, જેનાં દર્શન કરી સૌ આશ્ચર્યચકિત થઈ ગયાં !

યજ્ઞના પાવન પ્રસંગે સંતભગવંત સાહેબજી, પ.પૂ. અધ્યાત્માનંદસ્વામીજી, પ.પૂ. ભાગવતઋષિજી, સદ્‌ગુરુ સંતો, મહાનુભાવો અને અક્ષરમુક્તો મંચ પર બિરાજ્યા ! યજ્ઞ શુભારંભે પ્રધાન આચાર્ય પૂ. શાંતિદાદા, આચાર્યગણ પૂ. રાજુભાઈ, પૂ. અશોકભાઈ, પૂ. ઉત્પલભાઈ, પૂ. મૂકેશભાઈ, પૂ. કેયૂરભાઈ, ડૉ. મનોજભાઈ અને સહસેવકો, ઋષિકુમારો, ઋષિકન્યાઓ આદિ સૌનાં પૂજન કરી, ખેસ અર્પણ કરીને યજ્ઞવિધિ કરાવવાનો અધિકાર અપાયો ! પૂ. શાંતિદાદાએ યજ્ઞ કરવા પાછળની હૃદયગમ્ય સમજ આપી સર્વે યજમાનોને પવિત્રભાવે પૂજામાં જોડાવા પ્રાર્થના કરી.

સદીઓ પૂર્વે આપણા ઋષિમુનિઓ-આચાર્યો જે ભાવ અને શ્રદ્ધાથી યજ્ઞ કરતા તેવા જ ભાવ અને શ્રદ્ધાની અનુભૂતિ સૌને અહીં પણ થઈ ! શાસ્ત્રોમાં વર્ણવેલ યજ્ઞવિધિને પૂ. શાંતિદાદાનાં માર્ગદર્શને મનોજભાઈએ સુવ્યવસ્થિત ઢબે પ્રસ્તુત કરી અને યજ્ઞવિધિ સાકાર કરાવી ! સુશોભિત પાંચ યજ્ઞકુંડને 'છપૈયા તીર્થ', 'ગોંડલ તીર્થ', 'મહેળાવ તીર્થ', 'ધારી તીર્થ' અને 'બ્રહ્મજ્યોતિ તીર્થ' નામ આપી પૂ. શાંતિદાદાએ સૌ યજમાનોને આ પવિત્ર તીર્થોની સ્મૃતિ કરાવી.

સંતભગવંત સાહેબજી અને સંતોએ યજ્ઞકુંડમાં શ્રીફળની આહુતિ અર્પણ કરી. યજ્ઞની પાવન ભભૂતી દ્વારા સૌના ભાલે પૂજન કરી સાહેબજીએ સૌનાં મંગલ માટે પ્રાર્થનાઓ કરી આશીર્વાદ આપ્યા. પૂ. શાંતિદાદાએ સાહેબજી પાસે વેદોક્ત આશિષ પ્રદાન કરાવી સૌને કૃતાર્થ કર્યાં !

સ્ત્રીઓને ભક્તિનો અધિકાર બક્ષી, સન્માન આપી સમસ્ત સમાજમાં સંતભગવંત સાહેબજીએ ભગવાન શ્રી સ્વામિનારાયણનું સ્ત્રી-ઉત્થાનનું શ્રેષ્ઠ કાર્ય આગળ ધપાવ્યું છે, તેની સરાહના કરીને વડોદરાના ચિફ કમિશ્નર અરવિંદ સિંગસાહેબે માહાત્મ્યગાન કર્યું. આ પ્રસંગે સંતભગવંત સાહેબજી અને પ.પૂ. અધ્યાત્માનંદસ્વામીજીએ આશિષવર્ષા કરી સૌને અમૃતરસમાં ભીંજવ્યાં !



શ્રી છપૈયાતીર્થ મહાયજ્ઞવેદીમાં કલ્યાણ આહુતિ અર્પણ કરતા સંતભગવંત સાહેબજી, પ.પૂ. દિનકરભાઈ, પ.પૂ. ભાગવતઋષિજી અને સંતો



મહાયજ્ઞમાં આચાર્ય સંતોના ઋત્વિગવર્ણમ્ સાથે સદ્‌ગુરુ સંતોની આશિષ



શ્રી ગોંડલતીર્થ મહાયજ્ઞવેદીમાં આહુતિ અર્પણ કરતાં યજમાન અક્ષરમુક્તો



શ્રી બ્રહ્મજ્યોતિતીર્થ મહાયજ્ઞવેદીમાં આહુતિ અર્પણ કરતાં યજમાન અક્ષરમુક્તો



મહાયજ્ઞ પૂર્ણાહુતિ શ્રીફળની આહુતિ અર્પણ કરતા સંતભગવંત સાહેબજી



શ્રી ગુણાતીત જ્યોતનાં સંત બહેનો દ્વારા મહાયજ્ઞમાં આહુતિ અર્પણ



ઈન્ટિરિયર ડિઝાઈનરશ્રી કમલેશભાઈનાં સન્માન



કમિશ્નરશ્રી અરવિંદ સિંગજીનાં સન્માન



દિવ્ય સંતોની દિવ્ય પ્રસન્નતાપ્રદ દિવ્ય ક્ષણનાં દર્શન



નરસીદાસનાં પ્રસન્નતાપૂર્ણ સન્માન



નિમિષાબહેનનાં પ્રસન્નતાપૂર્ણ સન્માન



सर्वेत्र सुखिनःसन्तु, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिद् दुःखभाग भवेत ।।



પ્રૉજેક્ટ ઍન્જિનિયર દ્વિજેનભાઈનું પ્રસન્નતાપૂર્ણ સન્માન



સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા તથા સંતો દ્વારા આશિષ-જલવર્ષા



આર્કિટેક્ટ જિતેન્દ્રભાઈ સુથારનાં સન્માન



મહાયજ્ઞનાં દર્શને આદરણીય શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ, શ્રી પંકજભાઈ પટેલ